PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૬/કવા–૦૩/૧૬–૧૭/ ૧૦૪૦૦ તા. ૨૧/૧૧/૧૬

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
લલીતભાઈ મગનભાઈ ઉસદડ તથા અન્ય,
ગામ: રાણપુર (સોરઠ),
તા.ભેસાણ,
જી: જુનાગઢ

વિષય :–૧૧ કેવી વીજલાઈન શીફટીગ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૭–૦૯–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૦૬/કવા–૦૩/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-૨.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી,ભેસાણ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૦૬/કવા–૦૩/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૧૯–૧૧–૧૬ | સ્થળ :જુનાગઢ |
|---|---|---|

પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :

અરજદાર (ફરીયાદી) : નામ: લલીતભાઈ મગનભાઈ ઉસદડ તથા અન્ય,ગામ: રાણપુર,

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

## વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી,ભેસાણ (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ)

રજુઆત કરનાર :બી.ડી.પરમાર, ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ

## : હુકમ :

ફરીયાદ : ૧૧ કેવી વીજલાઈન શીફટીગ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેમને નડતર રૂપ એવી ૧૧ કેવી બામણગઢ ફીડર ની વીજલાઈન, જે ખરેખર –સલામતી ના યોગ્ય અંતરે સરકારી જમીન પર ઉભી થવાની પુરી શકયતા હોવા છતા, તેઓના, ભેસાણ તાલુકાના, રાણપુર ગામ ખાતે આવેલ, છોડવડી રોડ પર ના રહેણાંક ના પ્લોટ થી, માત્ર ૦૨ ફુટ ના અંતરે જ, ઉભી કરાયેલ છે. જે નડતરરૂપ હોય, વીજ અકસ્માત ની કાયમી સંભાવના વાળી હોય, જે ખસેડવા બાબતે, તેઓ શ્રી એ તેમના પડોશીઓ સાથે રહીને, નિયમાધીન ખર્ચ પીજીવીસીએલ મા ભરપાઈ કરવાની તૈયારી બતાવી ને વિધીસર ની અરજી તા.૧૨–૦૭–૧૬ ના રોજ આપેલ હતી. જેથી, પીજીવીસીએલ તરફથી તેઓને સદર વીજલાઈન ખસેડવાનુ રૂ.૧,૧૨,૯૯૯/– ભરપાઈ અપાયેલ હતુ. જેની રકમ તેઓએ તા.૦૬–૦૮–૧૬ના રોજ ભેસાણ પેટા વિભાગીય કચેરી મા ભરપાઈ કરી આપેલ હતી. તેમ છતા, પીજીવીસીએલ તરફથી, સકારાત્મક વલણ દાખવીને, સદર બાબતે, સદર નડતરરૂપ વીજલાઈન, તાંત્રીક રીતે યોગ્ય એવા સ્થળે ખસેડવા બાબતે કોઈ કાર્યવાહી થયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ના રહેણાંક વાળા વિસ્તાર માથી પસાર થી સવાલવાળી ૧૧ કેવી વીજલાઈન શીફટીગ કરવા સબબ ની, તા.૦૬–૦૮–૧૬ના રોજ ભેસાણ પેટા વિભાગીય કચેરી મા ભરપાઈ થયેલ રકમ ના અનુસંધાને, સદર ૧૧ કેવી વીજલાઈન શીફટીગ કરવા ની કામગીરી અન્વયે ની પ્રાથમીક સ્થળ ચકાસણી હાથ ધરાયેલ હતી. આ કામગીરી સમયે, સદર વિસ્તાર ના અન્ય નાગરીકો શ્રી લલીતભાઈ ભીખાભાઈ હરખાણી એ, તેમજ શ્રી ભીખાભાઈ વેલજીભાઈ હરખાણી એ, પીજીવીસીએલ ની સદર વીજલાઈન શીફટીગ કરવાની કામગીરી સામે, ભેસાણ અદાલત મા દાવા નં. ૧૭/૨૦૧૬ તા.૦૨–૦૮–૧૬ ના રોજ દાખલ કરી અને મનાઈ હુકમ મેળવેલ હતો. હાલ ના તબ્બકે, વાંધેદારો નો સદર ૧૧ કેવી વીજલાઈન શીફટીગ કરવા સામે નો વાંધા કેઈસ દાવા નં. ૧૭/૨૦૧૬, જે નામદાર પ્રીન્સીપાલ સીવીલ જજ સાહેબ ની, ભેસાણ અદાલત ખાતે ન્યાયિક કાર્યવાહી હેઠળ પડતર છે. આમ, ફરીયાદી શ્રી ની સવાલવાળી વીજલાઈન શીફટીગ કરવા સામે નો વાંધા કેઈસ નામદાર અદાલત સમક્ષ પડતર હોય, તેવા સંજોગો મા વીજલાઈન ખસેડી શકાય નહી. પરંતુ, સદર કેઈસ મા, નામદાર પ્રીન્સીપાલ સીવીલ જજ સાહેબ ની, ભેસાણ અદાલત તરફથી હુકમ મળ્યે, યોગ્ય કાર્યવાહી કરી શકાય. આવા કારણોસર, ફરીયાદી અરજદાર શ્રી ની સવાલવાળી, શીફટીગ માટે મંજુર કરાયેલ એવી ૧૧ કેવી વીજલાઈન શીફટીગ કરવા ની કાર્યવાહી પીજીવીસીએલ તરફથી થઈ શકે તેમ નથી. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી એ, તેમના રહેઠાણ ના વિસ્તાર માથી પસાર થતી ૧૧ કેવી વીજલાઈન શીફટીગ કરવા માટે ની પીજીવીસીએલ મા આપેલ અરજી મંજુર થતા, મંજુરી અન્વયે ની ભાવપત્રક ની રકમ પીજીવીસીએલ મા રૂ.૧,૧૨,૯૯૯/– ભરપાઈ કરી આપેલ છે. પરંતુ, પીજીવીસીએલ તરફથી, શીફટીગ હેઠળ મંજુર કરાયેલ સદર વીજલાઈન શીફટીગ કરવાની કાર્યવાહી હાથ ઘરાય તે પહેલા ફરીયાદી અરજદાર શ્રી ના વિસ્તાર ના અન્ય નાગરીકો, એવા શ્રી લલીતભાઈ ભીખાભાઈ હરખાણી એ, તેમજ શ્રી ભીખાભાઈ વેલજીભાઈ હરખાણી એ, પીજીવીસીએલ દ્રારા હાથ ઘરાયેલ એવી સદર વીજલાઈન શીફટીગ કરવાની કામગીરી સામે, ભેસાણ અદાલત મા દાવા નં. ૧૭/૨૦૧૬ તા.૦૨–૦૮–૧૬ ના રોજ દાખલ કરી અને મનાઈ હુકમ મેળવેલ છે. હાલ ના તબ્બકે, વાંઘેદારો દ્રારા કરાયેલ, પીજીવીસીએલ ની સદર ૧૧ કેવી વીજલાઈન શીફટીગ કરવા સામે નો વાંઘા કેઈસ – જે દાવા નં. ૧૭/૨૦૧૬ – જે નામદાર પ્રીન્સીપાલ સીવીલ જજ સાહેબ ની, ભેસાણ અદાલત ખાતે ન્યાયિક કાર્યવાહી હેઠળ પડતર છે. આમ, ફરીયાદી શ્રી ની સવાલવાળી, પીજીવીસીએલ દ્રારા મંજુર કરાયેલ એવી વીજલાઈન શીફટીગ કરવાની કામગીરી સામે નો વાંઘા કેઈસ નામદાર અદાલત સમક્ષ પડતર હોય, તેવા સંજોગો મા, પીજીવીસીએલ તરફથી સદર વીજલાઈન ખસેડવાની કામગીરી હાથ ઘરી શકાય નહી. પીજીવીસીએલ પક્ષકાર તરફથી, સ્પષ્ટતા થયેલ આ બાબત ને ફોરમ કમિટી યોગ્ય ઠેરવે છે. |
| ૩.૨ | આમ, ફરીયાદી અરજદાર શ્રી ની સવાલવાળી અરજી મા કરાયેલ મુખ્ય માંગણી મુજબ ની સદર બાબત, આનુષાંગીક એવો, અદાલતીય કેઈસ, જે ઉપરોકત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, હાલ ના તબ્બકે, નામદાર અદાલત સમક્ષ ન્યાયિક પ્રક્રીયા હેઠળ પડતર છે. નામદાર જીઈઆરસી ના પ્રવર્તમાન નોટીફીકેશન નં: ૦૨/૨૦૧૧ નાં મુદા નં: ૨.૩૦ (૧) માં કરાયેલ જોગવાઈ મુજબ સદર પ્રકારના – '' નામદાર અદાલત સમક્ષ ન્યાયિક પ્રક્રીયા હેઠળ પડતર રહેલ હોય એવા કેઈસો '' અન્વયે ની રજુઆતો / ફરીયાદો ના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર મા સમાવિષ્ટ નથી. જેથી, ફરીયાદી અરજદાર શ્રી ની સવાલવાળી ફોરમ સમક્ષ ની અરજી પરત્વે, અત્રે ના ફોરમ તરફથી કાંઈ કરવાનુ રહેતુ ન હોવાથી, અત્રે ના ફોરમ તરફથી ફરીયાદી અરજદાર શ્રી ની સવાલવાળી ફોરમ સમક્ષ ની સવાલવાળી ફરીયાદ અરજી, અત્રેના ફોરમ કક્ષાએથી દફતરે કરવામાં આવે છે. |

**મુદદા નં.–૪ :**

**હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહીને, મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ની સવાલવાળી ફોરમ સમક્ષ ની સવાલવાળી ફરીયાદ અરજી, અત્રેના ફોરમ કક્ષાએથી દફતરે કરવામાં આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ** લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, **સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ** કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..